






ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીમાં બીજા નોરતે ગુજરાતના યુવા ગાયક પ્રહર વોરા અને સંપદા વોરાએ ધૂમ મચાવી હતી. શાસ્ત્રીય રાગ પર આધારિત અને આપણા પરંપરાગત ગરબા ખેલૈયા અને હજ્જારો પ્રેક્ષકોએ મન ભરીને માણ્યા હતા. ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીમાં આજે ગાંધીનગરના મેયર શ્રી પ્રવીણભાઈ પટેલ, ડેપ્યુટી મેયર શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, ગુડાના પૂર્વ અધ્યક્ષ શ્રી આશિષભાઈ દવે અને ગુજરાતના વન વિભાગના વરિષ્ઠ અધિકારી શ્રી અગ્રવાલ સાહેબ, ગાંધીનગરની સ્વૈચ્છિક સંસ્થાઓના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પરપ્રાંતિયોને ધમકી સંદર્ભે વધુ ૧૦ ઝડપાયા

અમદાવાદ, તા.૧૨

સાબરકાંઠાના ઢુંઢર ગામે બાળકી પર પરપ્રાંતીય યુવક દ્વારા કરાયેલા દુષ્કર્મ બાદ અમદાવાદ જિલ્લામાં પરપ્રાંતીયોને કાઢી મૂકવા માટે સોશિયલ મીડિયા પર મેસેજ અને કંપનીઓમાં જઈ ધમકી આપવાની ઘટનાઓ વધી રહી છે ત્યારે સોશ્યલ મીડિયામાં વાયરલ મેસેજ મારફતે પરપ્રાંતીયોને માર મારવાની વધુ એક ધમકીના કિસ્સામાં શહેરના સાયબર ક્રાઈમ સેલ દ્વારા આજે ૧૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ સાથે જ સાયબર ક્રાઈમ સેલ દ્વારા પરપ્રાંતીયોને ધમકીના પ્રકરણમાં અત્યાર સુધીમાં ૩૪ આરોપીઓની ધરપકડ કરી છે.



નવલી નવરાત્રિમાં જેમ યુવાન યુવક- યુવતીઓ ગરબે ઘૂમવા માટે થનગની રહ્યા હોય છે. તેમ નાના ભૂલકાઓમાં પણ નવરાત્રિમાં ગબ્બર બનાવવાનો અનેરો આનંદ જોવા મળી રહ્યો છે. આવો જ એક ગબ્બર ગાંધીનગર સેકટર- ૬/બી માં રહેતા નાના ભૂલકાઓ અને કિશોરો દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. પોતાની સમજ મુજબ નિયમિત રીતે સાંજે પૂજા – અર્ચના કરે છે.

## ચિલોડા-દહેગામ માર્ગ પર કન્ટેઈનર ચાલક ઉંઘમાં ઉપરથી નીચે પટકાતાં ગંભીર ઈજા

ચિલોડા, તા. ૧૨

ગાંધીનગર તાલુકાના ચિલોડાથી દહેગામ માર્ગ પર એક કન્ટેઈનરચાલક આરામ કરવા કન્ટેનર પર ઉંઘ લઈ રહ્યો હતો ત્યારે અચાનક કન્ટેનર જીજે.૧૨.વી. ૮૦૬૨નો ચાલક ઉંઘમાં રોડસાઈડ નીચે પટકાતાં ગંભીર રીતે થાપાના ભાગે ઈજાગ્રસ્ત થતાં તબિયત લથડી જવા પામી હતી.

આ દરમ્યાન ચિલોડાના રહેવાસી નટુભાઈ પટેલ કેશવ હોટલ પાસે ઉભી રહેલી કન્ટેનરના ચાલકને પૂછપરછ કરતા ગંભીર ઈજાગ્રસ્ત ડ્રાઈવરને સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સને કોલ કરી બોલાવી તુરત જ દવાખાને ખસેડવામાં આવ્યો હતો. આમ ટ્રકચાલકને થાપાના ભાગે ગંભીર ઈજા થતાં હલનચલન ન કરી શકતાં અન્ય લોકોની મદદથી સ્ટ્રેચરમાં બેસાડી દવાખાને પહોંચાડવા તજવીજ હાથ ધરી હતી.

# સે. ૩-સી કલચરલ સ્કવેર ખાતે શેરી-ગરબાની પારંપરિક ઉજવણી

### રંગોળી-દિપમાળાથી સજ્જ ચોકમાં આઠમે બાળા પૂજન, બટુક પૂજન વડિલોના સન્માન સાથે પૂનમે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં નવરાત્રીની ઉજવણી ભારે ઉલ્લાસપૂર્ણ માહોલમાં થઈ રહી છે. શહેરના ૩-સીમાં કલચરલ સ્કવેપર ખાતે વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ સહિત અગ્રણીઓએ નવરાત્રીની




સેક્ટર-૩-સી ખાતેના કલ્ચરલ સ્કેવપર ખાતે પણ છેલ્લાં ૨૫ વર્ષથી પારિવારિક માહોલમાં માતાજીના શેરી ગરબાનું આયોજન કરવામાં આવે છે. જેમાં વિવિધ સ્પર્ધાઓ વગેરેના આયોજનના આકર્ષણ સાથે દરરોજ મા જગદંબાની પૂજા-આરતી શ્રદ્ધાપૂર્વક કરવામાં આવે છે.

આશરે ૨૫ વર્ષ પૂર્વે સેક્ટર-૩-સીમાં કલચરલ સ્કવેપર ખાતે વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ સહિત અગ્રણીઓએ નવરાત્રીની પરંપરાગત ઉજવણીનો પ્રારંભ કરાવ્યો હતો ત્યારથી આ શેરી ગરબા આયોજનની દષ્ટિએ ગુણવત્તાસભર બની રહ્યાં છે એટલુ જ નહિ પરંતુ શહેરમાં યોજાતી શેરી ગરબા સ્પર્ધામાં પણ બીજા-ત્રીજા સ્થાને વિજેતા બનતા રહ્યાં છે. અત્રે શેરી ગરબામાં આઠમે બાળા પૂજન, બટૂક પૂજન, વડિલોનું સન્માન તથા પૂનમે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવે છે. રાત્રેના ગરબા ચોકમાં રાજ્યકક્ષાના ગરબા ખેલૈયા નિસર્ગી જોષી સહિત યુવાનો રાસ-ગરબાની રમઝટ જમાવે છે. ચોકમાં રંગોળી તથા દિપમાળાથી સજાવાયા છે. કલા પ્રવૃત્તિ જ્યાં વિસ્તરેલી છે તેવા સે. ૩-સી કલચરલ સ્કેવપરના સેરીગરબાના આયોજન માટે વાસુદેવ અજબાણી, વિષ્ણુભાઈ પટેલ રામભાઈ પટેલ, જયેન્દ્ર દેસાઈ, આર.જે. જોષી, રવિભાઈ દવે, ધર્મેન્દ્રસિંહ ચૌહાણ જેવા અગ્રણી વસાહતીઓ જહેમત ઉઠાવે છે.

# ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે સ્વયં પોર્ટલ અંગે વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

કેન્દ્ર સરકારના ઓનલાઈન કોર્સીસ માટેના સ્વયં(SWAYAM) પોર્ટલના માધ્યમથી ઉચ્ચ શિક્ષણના લક્ષ્યાંકને વધુ ઝડપે તેમજ સરળતાથી સિદ્ધ કરી શકાશે, તેમ ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે યોજાયેલ અડોપ્શન, પ્રમોશન એન્ડ પ્રોડેકશન ઓફ ઈંઝીજી કોર્સીસ ફોર સ્વયં પ્લેટફોર્મ વિષયક એક દિવસીય વર્કશોપને સંબોધતા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (U.G.C.)ના સચિવ પ્રો. રજનીશ જૈને જણાવ્યું હતું.

જૈને કહ્યું હતું કે, સ્વયં પ્લેટફોર્મ ઉપર દેશભરમાંથી ૪૦ લાખ વિદ્યાર્થીઓ વિવિધ કોર્સીસનો ઓન લાઈન લાભ લઈ રહ્યા છે. આ પ્લેટફોર્મ વિદ્યાર્થીની પોતાની અનુકુળતા સમય પ્રમાણે મુક્ત શિક્ષણ આપે છે. સ્વયંને વધુને વધુ ગુણવત્તા યુક્ત બનાવીને તેને માત્ર ભારતમાં જ નહીં પણ વૈશ્વિક કક્ષાએ નામના અપાવવાની છે તેના માટે આપણે સૌએ અભ્યાસની સાથે સતત અપડેટ રહેવું પડશે. સ્વયં પ્લેટફોર્મ સમયની જરૂરિયાત મુજબ કોર્સીસમાં બદલાવ કરી રહ્યું છે, જેનો મહત્તમ લાભ વિદ્યાર્થીઓને મળશે.

દેશની તમામ યુનિવર્સિટીઓ, કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓ સ્વયં પ્લેટ ફોર્મ દ્વારા મહત્તમ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે પ્રેરિત કરે તેવો અનુરોધ પણ શ્રી જૈને આ પ્રસંગે કર્યો હતો.

યુ.જી.સી.ના અધિક સચિવ ડૉ. પંકજ મિત્તલે ઓન લાઈન કોર્સ પોર્ટલ 'સ્વયં' વિશે વિગતો આપતાં કહ્યું હતું કે, કોઈપણ વ્યક્તિ કોઈપણ સમયે વિવિધ કોર્સીસ માટેનું કેન્દ્ર સરકારના આ સ્વયં પ્લેટ ફોર્મનો ઉપયોગ કરી શિક્ષણ મેળવી શકે છે. સ્વયં નામની ઈ-પાઠશાળામાં ૨૨,૦૦૦ થી વધુ મોડ્યુલ્સ, ૭૦ જેટલા વિષયો અને ૭૨૩થી વધુ સંશોધન પત્રો ઉપલબ્ધ છે. જેનો ભારતભરના ૪૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ ઓન લાઈન લાભ લઈ રહ્યા છે. આ સ્વયં પોર્ટલ ઉપર ભારતના શ્રેષ્ઠ પ્રોફેસરો માર્ગદર્શન માટે ઉપલબ્ધ હોય છે. જેમના જ્ઞાનનો મહત્તમ લાભ લેવા શ્રીમતી મિત્તલે ઉપસ્થિત સૌને અનુરોધ કર્યો હતો.

ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીના ડાયરેકટર જનરલ ડૉ. જે.એમ. વ્યાસે આ પ્રસંગે ફોરેન્સિક યુનિવર્સિટીની વર્ષ-૨૦૦૯થી સ્થાપનાથી અત્યાર સુધીની પ્રગતિની રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે, ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીએ આજે ગુના શોધક ક્ષેત્રે વિશ્વમાં એક આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. ગુના શોધક ક્ષેત્રે સ્નાતક, અનુસ્નાતક અને પીએચ.ડી. કક્ષાના વિવિધ કોર્સીસ યુનિવર્સિટીમાં ચાલી રહ્યા છે. માત્ર ગુજરાત અને ભારત જ નહીં પણ વિશ્વના અનેક દેશોના વિદ્યાર્થીઓએ આ કોર્સીસનો લાભ લીધો છે. આજના આ એક દિવસીય વર્કશોપમાં યોજાનાર વિવિધ ટેકનિકલ વિષયોનો મહત્તમ લાભ લેવા પણ ડૉ. વ્યાસે આહવાન કર્યું હતું.




## રાજયકક્ષાની વોલીબોલમાં માણસાની બ્લીસ ઈન્ટરનેશનલનો ડંકો

તાજેતરમાં રાજય સરકાર દ્વારા સ્કૂલ એન્ડ કોલેજ સ્પોર્ટસ લીગ અંતર્ગત વિવિધ રમતની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. આ ટૂર્નામેન્ટમાં રાજયકક્ષાની વોલીબોલની રમતમાં અન્ડર-૧૯ કેટેગરીમાં માણસાની બ્લીસ ઈન્ટરનેશનલ સ્કૂલની અંગ્રેજી અને ગુજરાતી માધ્યમની ટીમો ટકરાઈ હતી. જેમાં અંગ્રેજી માધ્યમની ટીમ ચેમ્પિયન અને ગુજરાતી માધ્યમની ટીમ રનર્સ અપ પદે વિજેતા બની હતી. ચેમ્પિયન ટીમને રૂ. ૫ લાખનો અને રનર્સઅપ ટીમને રૂ. ૩.૫૦ લાખનું ઈનામ પ્રાપ્ત થયું હતું.

## સિવિલમાં બરોળની ગાંઠનું દુરબીનથી સફળ શસ્ત્રક્રિયા કરાઈ

ગાંધીનગર શહેરમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. તાવથી માંડીને હિમોડાયાલીસીસની સારવાર સિવિલમાં ઉપલબ્ધ છે. મેડીકલ કોલેજને પગલે દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સુવિધામાં પણ વધારો થતા દર્દીઓનો ધસારો વધી રહ્યો છે. ત્યારે સિવિલના સર્જરી વિભાગમાં દુરબીનથી અનેક જટીલ શસ્ત્રક્રીયા કરવામાં આવી રહી છે. તાજેતરમાં દર્દથી કણસી રહેલા ૩૮ વર્ષીય દર્દીની બરોળની ગાંઠનું દુરબીનથી સફળ શસ્ત્રક્રિયા કરવામાં આવી છે.

ગાંધીનગર સિવિલમાં તાજેતરમાં ગાંધીનગર નજીકના ગામના દશરથસિંહ રાઠોડ ઉં.વ.-૩૮ નામના દર્દી સ્ફીરોસાયટોસીસની બિમારીથી પીડાતા હતા. જેના પગલે દર્દીને બરોળ પર પુષ્કળ પ્રમાણમાં સોજો રહેતો હતો. અને બરોળનું કદ લગભગ ચાર ગણુ વધી ગયું હતું. આ પ્રકારની બિમારીને લીધે દર્દીની બ્લડની ટકાવારી કાયમ ઘટતી રહે છે, અને ત્રાકકણો પણ ઘણા ઓછા હતા. તથા દર્દી લાંબા સમયથી કમળાની બિમારીથી પિડાઈ રહ્યો હતો. આ બિમારીની સારવારમાં બરોળ કાઢવાથી જ કાયમ માટે શરીર સ્વસ્થ રહેતું હોય છે. બરોળનું ઓપરેશન અંદાજીત બે કલાક જેટલું લાબું ચાલ્યું હતું. ત્યારે ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત સિવિલના સર્જરી વિભાગમાં લેપ્રોસ્કોપી સર્જન ડો. હિરેન પરમાર તેમજ ડો.પ્રતિક શાહની ટીમે આ પ્રકારની જટીલ સર્જરી દુરબીનથી સફળ રીતે કરી હતી. જેનાથી સર્જરી દરમિયાન લોહીનો સ્ત્રાવ ઘણો ઓછો હતો. સર્જરી પછી પણ દુખાવો નહીંવત તેમજ રીકવરી વધુ ઝડપી જોવા મળી હતી. સામાન્ય રીતે ઓપન સર્જરીમાં મોટો ચેકો આવતો હોય છે. જયારે દુરબીનથી ટાંકા વગરનું ઓપરેશન થતા દર્દીને ઘણો ફાયદો થતો હોય છે. હાલના સમયમાં આ પ્રકારની ઘણી જટીલ સર્જરીઓ ડો.હિરેન પરમાર અને ટીમ દ્વારા સફળ રીતે કરવામાં આવી છે. જેથી ગરીબ દર્દીઓને પણ એડવાન્સ લેપ્રોસ્કોપી સર્જરીનો લાભ મળી રહે છે.



બોર્ડ, નિગમ, નગરપાલિકા, મહાનગરપાલિકાના પડતર પ્રશ્નો માટે સરકારની અન્યાયકારી નીતિઓના વિરૂધ્ધમાં બપોરના ૨ કલાકે ઉદ્યોગ ભવન બ્લોક નં. ૧૮ ગાંધીનગર ખાતે ગુજરાત નાણાંકીય નિગમ, ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ, ગુજરાત પ્રવાસન વિકાસ નિગમ, ઈન્ડેક્ષ-બી અને ઈન્ડેક્ષ-સી સહિત ગુજરાત ઘેટા અને ઉન વિકાસ નિગમના કર્મચારીઓએ સુત્રોચ્ચાર કર્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં કર્મચારીઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે પ્રમુખ પ્રવીણભાઈ સુતરીયાએ જણાવ્યું હતું કે તા. ૨૨ ઓકટોબર સુધી સરકાર તરફથી હકારાત્મક વલણ નહીં અપનાવવામાં આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# ત્રણ દીવાદાંડી, અલંગ શીપ બ્રેકિંગને વિકસાવવા નિર્ણય

અમદાવાદ, તા.૧૨

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ આજે ગાંધીનગરમાં ભારત સરકાર દ્વારા અલંગ શીપ રીસાયકલીંગ યાર્ડના વિકાસ માટે વધારાના ફંડ અને ગુજરાતની ત્રણ દીવાદાંડીને પ્રવાસન તરીકે વિકસાવવાના મુદ્દે મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ અલંગ શીપ બ્રેકીંગ યાર્ડ અને રાજયની ત્રણ દીવાદાંડીને ટુરીઝમ હેઠળ વિકસાવવાની હિમાયત કરી હતી. કેન્દ્રીય મંત્રી માંડવીયાએ વધુમાં જણાવ્યું હતુ કે ભારત સરકાર દ્વારા રૂ. ૨૧૫ કરોડના ખર્ચે ગુજરાતમાં અલંગના વિકાસ માટે અને તેના શીપ બ્રેકીંગ પ્લોટમાં આધુનિક સિસ્ટમ વિકસાવવા માટે ફંડ આપવામાં આવ્યું છે. અલંગ શીપ રીસાયકલીંગ યાર્ડને ફાળવવામાં આવેલ ફંડના ઉપયોગથી ગુજરાત મેરીટાઈમ બોર્ડ તથા અલંગ શીપ રીસાયકલીંગ યાર્ડ એસોસીએશન દ્વારા અલંગ શીપ બ્રેકીંગ યાર્ડના વિકાસ માટે અલગ અલગ પ્રવૃતિઓ કરવામાં આવશે. ભારત સરકાર દ્વારા દેશભરના ૭,૦૦૦ કી.મીના દરિયાકિનારાને સાગરમાલા પ્રોજેક્ટ અંતર્ગત ટુરીઝમ અંતગર્ત વિકસિત કરવામાં આવી રહ્યો છે જેમાં ગુજરાતના દ્વારકાની ૪૩ મીટર ઉંચી દીવાદાંડી, વેરાવળની ૩૦ મીટર ઉંચી દીવાદાંડી અને ગોપનાથની ૪૦ મીટર ઉંચી દીવાદાંડીને આ પ્રોજકેટમાં ટુરિસ્ટ પ્લેસ તરીકે વિકસાવવામાં આવશે, જેમાં અલંગનો પણ સમાવેશ કરવામાં આવશે.